# મે.જોટાણાના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ,સાહેબ શ્રીની કોર્ટ, જોટાણા

ક્રિ. કેસ નં.૨૧૦/૨૦૨૫
આંક- ૧૭

શ્રી સરકાર

વિરૂઘ્ઘ

આરોપી:-(૧) પ્રિન્સ દિનેશભાઈ નારાયણભાઈ પટેલ
રહે.-ચાલાસણ,પટેલવાસ તા.જોટાણા, જી.મહેસાણા

(૨) રમેશજી સોમાજી ડાહ્યાજી ઠાકોર ઉ.વ.૪૦,
રહે.-ચાલાસણ,ઠાકોરવાસ તા.જોટાણા, જી.મહેસાણા

(૩)અમરકુમાર દેવાભાઇ ખોડીદાસ પટેલ ઉ.વ.૩૦,
રહે.-સી/૬૮,અયોધ્યાનગર વિભાગ-૨, નાનીકડી તા.કડી, જી.મહેસાણા

(૪) વિક્રમજી કનુજી માધાજી વિહોલ ઉ.વ.૩૮,
રહે.ચાલાસણ,દરબારવાસ તા.જોટાણા, જી.મહેસાણા

(૫) પ્રકાશજી કાંનાજી ખોડાજી ઠાકોર ઉ.વ.૪૦,
રહે.બાલસાસણ, ઈન્દીરાનગરની સામે તા.જોટાણા, જી.મહેસાણા

(૬) ખોડાજી અંબુજી ભુરૂજી ડાભી ઉ.વ.૩૦,
રહે.-ચાલાસણ,દરબારવાસ તા.જોટાણા, જી.મહેસાણા

ગુન્હો.જુગારધારા કલમ-૧૨મુજબ

## :: ચુકાદો ::

૧. આ કામના આરોપીઓ સામે ફરીયાદ પક્ષના કેસ મુજબ ચાર્જશીટના કોલમ નં. ૫ મુજબનો ગુન્હો કરેલ હોવાથી આરોપીઓ સામે જુગાર ધારાની કલમ-૧૨ મુજબના ગુન્હા માટે પોલીસે ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. ચાર્જશીટના આધારે આ કામના આરોપીઓ ને બી.એન.એસ.એસ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપસ"ની નકલ પુરી પાડવામાં આવેલ અને પ્લી રેકર્ડ કરતા જેમાં આરોપીઓ સ્વેચ્છાએ પોતાનો ગુન્હો કબુલ કરતા હોય અને આ કામના આરોપીઓએ ગુન્હો કબુલાત પુરશીશ રજુ કરેલ છે અને "No claim Pursis" રજુ કરેલ છે. તે ધ્યાને લેતા, તેમાં તેમણે ભવિષ્યમાં ગુન્હો નહીં બને તેની ખાત્રી આપી છે, તેથી આરોપીઓની ગુન્હા કબુલાત સાચી અને સ્વેચ્છીક હોય નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીઓનો આ પ્રથમ ગુન્હો છે અને થયેલ ગુન્હા બદલ પસ્તાવો પ્રગટ કરે છે. તેથી આ કામના આરોપીઓની ગુન્હા કબુલાતના આધારે જ તેઓ તકસીરવાન ઠરતા હોય, પરંતુ તેમણે આજ રોજ નેશનલ લોક અદાલત સમક્ષ તેમનો ગુન્હો કબુલ કરતા હોય, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું

**:હુકમ:**

૧. આરોપીઓ ને બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ ના ગુનામાં દોષીત ઠરાવી આરોપીને કોર્ટ ઉઠયા સુધી કેદની સજા તથા આરોપીઓ દીઠ રૂા.૨૦૦/– (રૂપિયા બસો પુરા) એટલ કે કુલ ૬ આરોપીના રૂા.૧,૨૦૦/– (રૂપિયા બારસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ જમા કરાવવામાં કસુર કરે તો દિન–૪ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુધ્દામાલની તમામ રોકડ રકમ સરકાર ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. મુધ્દામાલ વાહન / મોબાઈલ ફોન અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તેને આખરી હુકમ ગણાવો અને જો કોઈ વચગાળાનો હુકમ કરેલ ન હોય તો, વાહન / ફોન તેના જે તે માલીકને માલીકીનો પુરાવો રજુ કર્યેથી પુરવાની ખરી નકલ કામમા સામેલ રાખી, મુદદામાલ વાહન તથા ફોન જે તે માલીકને સુપ્રત કરવુ.

૪. અન્ય મુધ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૧૪ માહે–માર્ચ સને ૨૦૨૬ ના રોજ સ્પે.સીટીંગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : જોટાણા**
**તારીખ: ૧૪ / ૦૩ / ૨૦૨૬**

**(એસ.એસ.ભદૌરિયા)**
**જ્યુડી.મેજી., ફ.ક., જોટાણા**
**કોડ નં.જી.જે.૦૧૬૯૧**